તા. ૨૫.૦૫.૨૦૨૪

પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર,
સ્વામિનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪
Email : agtta.gujarat@yahoo.com

**વિષયઃ- ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે સ્પર્શતા પડતર મુદ્દાઓ**

મહાશય,

સવિનય સાથે જણાવવાનું કે, ગાંધીધામ ચેમ્બરની કારોબારી સમિતિના સભ્યશ્રી હરીશ માહેશ્વરી તા. ૩૦મી મે, ૨૦૨૪ (ગુરૂવાર) ના રોજ ટ્રાન્સપોર્ટ કમિશ્નરશ્રીની ગાંધીનગર ખાતે મુલાકાતે જવાના હોતાં તેઓ ધ્વારા ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે નીચે જણાવેલ પડતર મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા, જે આ મુજબ છે :-

૧) જુના ટેક્ષની વસુલાત અંગે
[Ref. No. GCCI/K/43 dtd. 16.5.2024]

૨) અકસ્માતગ્રસ્ત વાહનના ફીટનેસ સર્ટિફિકેટ બાબત
[Ref. No. GCCI/K/43 dtd. 16.5.2024]

૩) ટ્રાન્સપોર્ટ કમિશ્નરની કચેરી ધ્વારા બહાર પડાયેલ પરિપત્ર નં. COT/0410/06/2023 DTD. 17.6.2023 ના ફેર વિચારણા અંગે
[Ref. No. GCCI/K/118 dtd. 29.6.2023]

૪) ગુજરાતના વાહનો માલ-પરિવહન અર્થે જયારે અન્ય રાજયોમાં જાય છે ત્યારે યેનકેન પ્રકારે મેમો પાઠવવામાં આવે છે અને જે-તે સ્થળે જ દંડ ભરવા માટે આગ્રહ રાખવામાં આવે છે, જેથી હવે જયારે સંપૂર્ણ દેશમાં ડીજીટલ પધ્ધતિનો ઉપયોગ વધી રહયો છે ત્યારે સમગ્ર દેશમાં નિયમ પણ એકસરખો અપનાવવા ટ્રક-ટ્રાન્સપોર્ટ એસોસીએશનની રજુઆત છે.

૫) વાહનના મૂળ કિંમત ઉપર ૬% પ્રમાણે લાઇફ ટેક્ષ લેવામાં આવે છે, પણ ડિલર ડિસ્કાઉન્ટ આપે છે, તે રકમને લાઇફ ટેક્ષ ભરતા સમયે ગણત્રીમાં લેવામાં આવતું નથી.

૬) કોમર્શિયલ જુના વાહનોના બેકલોગ માટે ઓરીજીનલ આર.સી. બુક હોવા છતાં આર.ટી.ઓ. તંત્ર ધ્વારા રેકર્ડનો આગ્રહ રાખવામાં આવે છે. ઘણા કિસ્સામાં વાહનોના રેકર્ડ મળતા નથી. ઓરીજીનલ આર.સી. બુક હોવા છતાં વાહનનું બેકલોગ કરી આપવામાં આવતું નથી, જેથી વાહનચાલકોને હેરાનગતિ અને હાડમારી ભોગવવી પડે છે.

નોન-ટ્રાન્સપોર્ટ વ્હીકલ કે જેનું રજીસ્ટ્રેશન ૧૫ વર્ષ જુનો હોય, તેને રીન્યુ કરાવવા જતાં જુનો રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાંથી શોધવાનો આગ્રહ પણ રાખવામાં આવે છે, જે તદ્દન અયોગ્ય છે.

-----------